RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk


*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 324* Date: 14.09.2023,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કેરલના ૪ જિલ્લાઓમાં એલર્ટ: Nipah Virusના કહેરથી ૭ વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જાહેર, માસ્ક ફરજિયાત

કેરળના કોઝિકોડમાં નિપાહ વાયરસથી બે મોત બાદ હોસ્પિટલમાં માસ્ક ફરજીયાત કરી દેવામાં આવ્યું છે. આઈસોલેશન વોર્ડની બહારનો એન્ટ્રી સાઈન બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે.કેરળના કોઝિકોડમાં નિપાહ વાયરસથી બે લોકોના મોત બાદ અન્ય ત્રણ જિલ્લા કન્નૂર, વાયનાડ અને મલપ્પુરમમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. અહીંના ૭ ગ્રામ પંચાયતોને કંટેન્ટમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે. કંન્ટેનમેન્ટ ઝોન વાળા વિસ્તાર અને હોસ્પિટલમાં માસ્ક ફરજીયાત કરી દેવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર કોઝિકોડના જિલ્લા અધિકારીએ ૭ પંચાયતોમાં બધા એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટ, આંગનવાડી કેન્દ્ર, બેંક અને સરકારી સંસ્થાનોને બંધ રાખવાનો આદેશ આપ્યો છે. સવારે ૭થી સાંજે ૫ વાગ્યા સુધી ફક્ત દવાઓ અને જરૂરી





વસ્તુઓની દુકાનો જ ખુલવાની પરવાનગી છે. કેરળમાં નિપાહ વાયરસના અત્યાર સુધી ૪ કેસ સામે આવી ચુક્યા છે. જેમાં બે લોકોના મોત થયા છે. બુધવારે રાજ્ય સરકારે વિધાનસભામાં જણાવ્યું કે પુણેથી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજીની ટીમ નિપાહ વાયરસની તપાસને લઈને આજે કેરળ આવશે. કોઝિકોડ મેડિકલ કોલેજમાં દ્રૈંફની ટીમ ચામાચીડીયાનો સર્વે કરશે. આ પહેલા કેરળના સ્વાસ્થ્ય મંત્રી વીના જોર્જે મંગળવારે રાત્રે ઈમરજન્સી મીટિંગ બોલાવી હતી. તેમાં બધા ધારાસભ્યો, જન પ્રતિનિધિઓ, જિલ્લા કલેક્ટર અને સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓની સાથે નિપાહ વાયરસને લઈને જરૂરી પ્રયત્નોને લઈને ચર્ચા થઈ. કેરળમાં નિપાહ વાયરસથી પહેલી મોત ૩૦ ઓગસ્ટ અને બીજી મોત ૧૧ સપ્ટેમ્બરે થઈ હતી. સ્વાસ્થ્ય મંત્રીએ મંગળવારે જણાવ્યું હતું કે બન્ને મૃતકોને સેમ્પલ તપાસ માટે પુણેની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી મોકલવામાં આવ્યા છે. તેમણે બે બીજા દર્દીઓની પુષ્ટિ કરી હતી. તેમાં એક ૯ વર્ષનું બાળક અને ૨૪ વર્ષનો યુવક શામેલ છે. બન્નેની સારવાર ચાલી રહી છે. સ્વાસ્થ્યમંત્રીએ સ્થાનીક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓને પોતાના ક્ષેત્રોમાં કડક નજર રાખવાના આદેશ આપ્યા છે.

## મોટી દુર્ઘટના: વિયેતનામના હનોઈમાં ૯ માળના એપાર્ટમેન્ટમાં આગ ફાટી નીકળી, ૫૦ લોકોનાં મોત

વિયેતનામની રાજધાની હનોઈમાં ૯ માળના એપાર્ટમેન્ટમાં આગ લાગવાથી ઘણાં લોકોએ જીવ ગુમાવ્યો હતો. અહેવાલ મુજબ એપાર્ટમેન્ટમાં લાગેલી ભીષણ આગને કારણે લગભગ ૫૦ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. આ આગની ઘટના રાતે બે વાગ્યે બની હતી. ઈમારતમાં ઘટના સમયે લગભગ ૧૫૦ લોકો હાજર હતા. જો કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યા બાદ બચાવ કામગીરી ચાલુ રખાઈ હતી. અહેવાલ અનુસાર આ એપાર્ટમેન્ટમાં લગભગ ૧૫૦



લોકો રહેતા હતા. આગ લાગવાના થોડા સમય બાદ ઘટનાસ્થળે ફાયર બ્રિગેડની ટીમ પહોંચી હતી. આ ૯ માળના એપાર્ટમેન્ટમાં આગ લાગ્યા બાદ મોડી રાત્રે ફાયરબ્રિગેડની ટીમે કાર્યવાહી શરૂ કરી દીધી હતી. લગભગ ૭૦ લોકોને બચાવાયા હતા. જેમાંથી ૫૪ લોકોને હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે આગ લાગવાના કારણોની તપાસ શરુ કરી દીધી છે. વિયેતનામની રાજધાની હનોઈની ઈમારતમાં આગ લાગવાની ઘટનામાં પીડિતોમાં અનેક બાળકો સામેલ હોવાની માહિતી મળી રહી છે. માહિતી અનુસાર એપાર્ટમેન્ટ બ્લોકમાંથી એક્ઝિટ માટે ફક્ત એક જ રસ્તો હતો. તેના સિવાય બીજા કોઈ ઈમરજન્સી ગેટની વ્યવસ્થા નહોતી.

## કાશ્મીરમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરુ, આર્મી અને પોલીસ અધિકારી ઘાયલ

કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સુરક્ષાદળોના જવાન અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરુ થઈ છે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ અથડામણમાં સેનાના અને જમ્મુ કાશ્મીરના એક અધિકારી ઘાયલ થયા છે.

જમ્મુ કાશ્મીરમાં સેના અને પોલીસ સતત આતંકવાદીઓનો સફાયો કરવા માટે ઓપરેશન ચલાવી રહી છે ત્યારે હવે દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સુરક્ષાદળો અને



આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરુ થઈ ગઈ છે. સુત્રોમાંથી જણાવવામાં આવ્યુ છે કે અનંતનાગના કોકરનાગ હલૂરા ગંડૂલ વિસ્તારમાં સુરક્ષાદળોના જવાન અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થઈ રહ્યો છે.

આ અથડામણ અંગે એક અધિકારીના જણાવ્યા અનુસાર સ્થાનિક પોલીસ, સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમે આ વિસ્તારમાં આતંકવાદી હોવાની જાણકારી મળી હતી જેના પગલે વિસ્તારમાં ઘેરાબંધી કરી અને સર્ચ ઓપરેશન શરુ કરવામાં આવ્યુ હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે જેવી જ સંયુક્ત ટીમ શંકાસ્પદ સ્થાન પર પહોંચી ત્યારે આતંકવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેના પર સેનાએ જવાબી હુમલો શરુ કર્યો છે.

## વિધાનસભા સત્રના પહેલા દિવસે વિવાદ:રાષ્ટ્રપતિએ ઇ-વિધાનસભા લોન્ચ કરી, કોંગ્રેસે 'લોકશાહીની હત્યા બંધ કરો'ના સૂત્રોચ્ચાર કર્યા, અમિત ચાવડાએ C Mનું સન્માન કરવાની ના પાડી દીધી!








ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્રનો આજથી પ્રારંભ થયો છે. પહેલા દિવસે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાજર રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાડી ભેટ કરી રાષ્ટ્રપતિનું સન્માન કર્યું હતું. તેમજ દ્રૌપદી મુર્મુના હસ્તે ઈ-વિધાનસભા એલ લોન્ચ કરવામાં આવી હતી. ગુજરાતમાં આવવું મારું સૌભાગ્ય છે, આજે ભૂપેન્દ્ર પટેલની સરકારને બે વર્ષ પૂર્ણ થયા છે એટલે તેમને શુભેચ્છા પાઠવું છું. ગુજરાતે ભારતના ભવિષ્યને જોયું છે. મોરારી દેસાઈએ દેશના વડાપ્રધાન તરીકે ભૂમિકા ભજવી છે. આપણો દેશ કુશળ નેતૃત્વમાં આગળ વધી રહ્યો છે. જોકે વિધાનસભા સત્રના પહેલા દિવસે જ વિવાદ થયો હતો અને અમિત ચાવડા, ચૈતર વસાવા, શૈલેષ પરમારે મુખ્યમંત્રી અને મંત્રીઓના સન્માન કરવાની ના પાડી દીધી હતી. તેમજ કોંગ્રેસના ધારાસભ્યો અને નેતાઓએ પોસ્ટર સાથે 'બંધ કરો ભાઈ બંધ કરો, લોકશાહીની હત્યા બંધ કરો'ના સુત્રોચ્ચાર કર્યા હતાવિધાનસભા ગૃહમાં જ્યારે હાજર મહાનુભાવોનું સન્માન ચાલી રહ્યું હતું એ સમયે કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાને મુખ્યમંત્રીનું સન્માન કરવા, કોંગ્રેસના શૈલેષ પરમારને સંસદીય મંત્રી રૂષિકેષ પટેલના સન્માન માટે તથા વિધાનસભા ઉપાધ્યક્ષનું સન્માન કરવા માટે આમ આદમી પાર્ટીના ચૈતર વસાવાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જોકે, અમિત ચાવડા અને ચૈતર વસાવાએ સન્માન કરવાની ના કહી દીધી હતી.દ્રૌપદી મૂર્મુએ પોતાના પ્રવચન દરમિયાન આજે દેશમાં મહિલાઓને ખૂબ જ પ્રાધાન્ય અપાતું હોવાની વાત કહી અને ગુજરાતમાં પણ મહિલાઓને યોગ્ય સ્થાન મળે તેમ જણાવ્યું હતું. ત્યારે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના મંત્રી મંડળમાં એક જ મહિલાને મંત્રી તરીકે સ્થાન આપવામાં આવ્યું છેરાષ્ટ્રપતિ મૂર્મુએ વિધાનસભા ગૃહના તમામ સભ્યોને ૧૩ મિનિટ સુધી સંબોધિત કર્યા હતા. આ સંબોધનની શરૂઆતમાં જ તેમણે ગુજરાતના પ્રસિદ્ધ કવિ ઉમાશંકર જોષી રચિત પંક્તિ વાગોળી હતી. બીજી તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી તરીકે આજે જ્યારે બે વર્ષ પૂરા કર્યા છે ત્યારે રાષ્ટ્રપતિએ મુખ્યમંત્રીને અભિનંદન પણ પાઠવ્યા હતામુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ પેપરલેસ ગર્વમેન્ટને પ્રોત્સાહન આપ્યું છે. જેનાથી આજે ગુજરાત વિધાનસભા પેપરલેસ થવા જઈ રહી છે. વિકાસના પ્રણેતા નરેન્દ્ર મોદી આ ધરાના જ પુત્ર છે. રાષ્ટ્રપતિ પહેલીવાર ગુજરાત વિધાનસભામાં આવ્યા છે. ગુજરાત વિધાનસભામાં નેશનલ ઈ-વિધાનસભા સુવિધા શરૂ થઈ છે.ભારતમાં યુપી બાદ હવે ગુજરાત વિધાનસભા પણ ડિજિટલાઈઝ થઈ છે, ત્યારે ગુજરાત ઈ-વિધાનસભાનો આરંભ કરાવવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુએ ગુજરાત વિધાનસભામાં હાજર રહી અને ઈ-વિધાનસભાની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી તેમજ સંસદીય મંત્રી રૂષિકેષ પટેલ વિધાનસભા ડેસ્ક પર હાજર રહ્યા હતા. ગુજરાત વિધાનસભા ગૃહ જ્યારે ડિજીટલ બન્યું છે ત્યારે વિધાનસભામાં થતા ૨૫ ટન પેપરની બચત થશે. આ પ્રસંગે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ પણ ગૃહમાં હાજર રહ્યા હતા.ગુજરાત વિધાનસભાનું સત્ર હવે પરંપરાગત કાગળની કાર્યવાહીમાંથી બહાર નીકળી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વન નેશન વન એપ્લિકેશન'ના સ્વપનાને સાકાર કરનારું ગુજરાત સૌપ્રથમ રાજ્ય બનશે.

**તંત્રી લેખ......**

# રશિયા દ્વારા સસ્તું ખાતર આપવાનું પણ બંધ કરાયું

યુક્રેન પર અતિક્રમણને કારણે છેડાયેલા યુદ્ધમાં પશ્ચિમી દેશોએ રશિયા પર અનેક પ્રતિબંધો લાદ્યા હતા. આ પ્રતિબંધોને કારણે અર્થવ્યવસ્થાોને મોટો ફટકો પડવાની આશંકા વચ્ચે રશિયાએ ભારત, ચીન સહિતના મિત્ર દેશોને સસ્તા દરે ક્રૂડ ઓઈલ, ખાતર અને અમુક કૃષિધાન ઓફર કર્યા હતા. જોકે આ સસ્તાના દિવસો સમાપ્ત થઈ રહ્યાં હોવાના સંકેત મળી રહ્યાં છે.

ભારતને ક્રૂડ ઉપર મળી રહેલ ડિસ્કાઉન્ટ રશિયાએ ઘટાડવા અને અન્ય દેશો તરફથી પણ ઓફર થઈ રહેલા સમાન ભાવ ફેરને કારણે ભારતે રશિયાને સ્થાને અન્ય પરંપરાગત દેશો પાસેથી ક્રૂડ મંગાવવાનું શરૂ કર્યું છે. જોકે હવે રશિયાએ ભારતને સસ્તું ખાતર આપવાનું બંધ કર્યું હોવાના અહેવાલ છે.સમાચાર એજન્સી રોઈટર્સે મુંબઈ સ્થિત ખાતર કંપનીના અધિકારીને ટાંકીને અહેવાલમાં જણાવ્યું કે છેલ્લા બે મહિનામાં વૈશ્વિક ખાતરની કિંમતો વધી રહી છે, જેના કારણે ભારતીય કંપનીઓ માટે ઘઉંના ઉત્પાદનની આગામી શિયાળાની સીઝન માટે સ્ટોક એકઠો કરવો પડકારજનક છે. પાક માટે ડીએપીની માંગ વધી છે. તેમણે કહ્યું કે જુલાઈમાં વૈશ્વિક સપ્લાયર્સ સીએફઆર (કોસ્ટ બેઝિસ) લગભગ ૩૦૦ ડોલર પ્રતિ ટનના ભાવે યુરિયા ઓફર કરી રહ્યાં હતા, પરંતુ હવે તેઓ ૪૦૦ ડોલર પ્રતિ ટનના ભાવ ઓફર કરી રહ્યા છે.વિદેશી સપ્લાયરો સાથેની વાટાઘાટોમાં સામેલ નવી દિલ્હી સ્થિત એક વરિષ્ઠ અધિકારીએ રોઈટર્સને જણાવ્યું કે રશિયા દ્વારા હવે કોઈ છૂટછાટ ઓફર નથી થઈ રહી. રશિયન કંપનીઓ બજાર ભાવે ખાતર ઓફર કરી રહી છે.૩૧ માર્ચે પૂરા થતા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રશિયામાંથી ભારતની ખાતરની આયાત ૨૪૬ ટકા વધીને વિક્રમી ૪.૩૫ મિલિયન મેટ્રિક ટન થઈ હતી કારણ કે રૂસના સપ્લાયરોએ ડીએપી, યુરિયા અને એનપીકે ખાતરો માટે વૈશ્વિક બજાર કિંમતો પર ડિસ્કાઉન્ટ આપ્યું હતું. ગયા વર્ષે રશિયા કોઈપણ કિંમતે ખાતર વેચવા માંગતું હતું પરંતુ હવે રશિયાને પૈસાની જરૂર છે તેથી ડિસ્કાઉન્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સામે પક્ષે ચીન, ઈજિપ્ત, જોર્ડન અને સંયુક્ત આરબ અમીરાત સહિત અન્ય ઘણા દેશો ભારતીય બજારમાં ભારતને ખાતર વેચે છે.

## પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી)

# “શક્તિ મહિલા” વિભાગના ઉપક્રમે વર્ષ ૨૦૨૩-૨૪નાત્રીજો કાર્યક્રમ “બોળચોથ”નું આયોજન




પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) “શક્તિ મહિલા” વિભાગના ઉપક્રમે વર્ષ ૨૦૨૩-૨૪નાત્રીજો કાર્યક્રમ “બોળચોથ” નું આયોજન સંસ્થાના કાર્યાલયમાં કાંદિવલી ખાતે કરવામાં આવ્યું હતું.ચેરપર્સનહર્ષદાબેન મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેરપર્સન હર્ષદાબેન મહેતા, કો-ચેરપર્સન શ્રીમતી શિલ્પાબેન રાજ્યગુરૂઅને દિપ્તીબેન મહેતાએ કર્યું હતું. શક્તિ મહિલા વિભાગના સર્વ સભ્યોએ તેમ જ મહેમાનોને સ્વાદિષ્ટ“મગ અને રોટલા”નો આનંદ માણ્યો હતો.આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીવિનોદભાઈ વોરા, અનંત મહેતા, નિતીન નથવાણી, પ્રમુખ મુકેશભાઈ દોશી, પુર્વ પ્રમુખ વસંત શાહ, ભાનુભાઈ શાહ, આમંત્રિત સભ્ય શ્રી શશિકાંત શેઠ તથા કો-ચેરપર્સન મીનાબેન મહેતા અને શ્રીમતી મનિષાબેન મહેતાએ હાજર રહી કાર્યક્રમનેસહર્ષ માણ્યો હતો.

# પર્યુષણ મહાપર્વના પ્રારંભે ”પર્યાવરણ દિવસ” નું આયોજન - આચાર્ય લોકેશજી



અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય લોકેશજીની ઉપસ્થિતિમાં પર્યુષણ મહાપર્વના પ્રથમ દિવસને ‘પર્યાવરણ દિવસ’ તરીકે ઉજવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે પર્યાવરણીય પ્રદૂષણ અને વૈચારિક પ્રદૂષણ બંને ખતરનાક છે. પર્યાવરણના પ્રદૂષણને કારણે આજે વાતાવરણમાં પરિવર્તનની સમસ્યા વધી છે, જેના કારણે અમુક જગ્યાએ અતિવૃષ્ટિ અને અન્ય જગ્યાએ દુષ્કાળના કારણે ખેડૂતો નાખુશ છે અને વૈચારિક પ્રદૂષણને કારણે ધાર્મિક અસહિષ્ણુતાની સમગ્ર દુનિયાને અસર થઈ રહી છે.

ગહન ચિંતક અને મૌલિક ચિંતક આચાર્ય સ્થાનજીએ જણાવ્યું હતું કે ભગવાન મહાવીરે આ બંને પ્રદૂષણોથી બચવા માટે ‘શત જીવ નિકાય’ અને ‘આનેકાંત દર્શન’ જેવા મૂળભૂત સિદ્ધાંતો આપ્યા હતા, વર્તમાન પરિસ્થિતિમાં સમાજ અને દેશને તેમની ખૂબ જ જરૂર છે. આ પ્રસંગે પ્રસિદ્ધ જૈનાચાર્ય લોકેશજીએ ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં અનેક પ્રકારના તહેવારો ઉજવવામાં આવે છે જેમાંથી કેટલાક લોક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય તહેવારો છે, તેમણે કહ્યું કે પર્યુષણ એ આત્મ ઉપાસનાનો એક મહાન આધ્યાત્મિક તહેવાર છે. આ સમય દરમિયાન તમામ ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ જપ, તપ, ધ્યાન અને સ્વાધ્યાય દ્વારા પોતાની આંતરિક આધ્યાત્મિક શક્તિઓને જાગૃત કરીને આ મહાન તહેવારને સાર્થક કરવો જોઈએ. તેમણે કહ્યું કે આપણું શરીર માત્ર માંસ અને લોહીનું પૂતળું નથી, તેમાં બ્રહ્માંડની સર્વોચ્ચ શક્તિ છે, જેને આપણે આધ્યાત્મિક અનુષ્ઠાન દ્વારા જાગૃત કરી શકીએ છીએ. આ સમયગાળા દરમિયાન, તેમણે ભક્ત ભાઈઓ અને બહેનોને બલિદાન, તપસ્યા, ધ્યાન, સ્વ-અધ્યયન વગેરે જેવા વિવિધ આધ્યાત્મિક અનુષ્ઠાન દ્વારા તેમના આત્માઓને શુદ્ધ કરવા આહ્વાન કર્યું હતું. જૈન ધર્મમાં જન્મેલા દરેક ભક્તની ઈચ્છા છે કે પર્યુષણ પર્વ દરમિયાન શક્ય તેટલી ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં જોડાય.

પર્યુષણ દરમિયાન થનાર વિવિધ પ્રવૃતિઓની માહિતી આપતા અહિંસા વિશ્વ ભારતીના પ્રવક્તાએ જણાવ્યું કે, પર્યુષણ પર્વ દરમિયાન ૧૨મી સપ્ટેમ્બરથી શરૂ થયેલા કાર્યક્રમોમાં ભક્તો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને આ કાર્યક્રમો ૧૯મી સપ્ટેમ્બર સુધી ચાલશે. આગામી દિવસોમાં નીચેના વિષયો પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે:-૧૩ સપ્ટેમ્બર, શાંતિનો સંદેશ, ધ્યાન, ૧૪ સપ્ટેમ્બર, જ્ઞાન સ્વાધ્યાય યોગનો માર્ગ, ૧૫મી સપ્ટેમ્બર, સિદ્ધિ જાપ યોગના દ્વાર, ૧૬ સપ્ટેમ્બર, તપયોગ, મુક્તિનોમાર્ગ, ૧૭સપ્ટેમ્બર, ભગવાન મહાવીરનું જીવન દર્શન, ૧૮ સપ્ટેમ્બર, સમતા યોગ, આધ્યાત્મિકતાનો સાર, ૧૯ સપ્ટેમ્બર, ક્ષમા યોગ, બહાદુરનું આભૂષણ.

# દૂધના ઉત્પાદનથી વધુ કેવી રીતે વેચાય છે?

ગુજરાતમાં જેટલા દુધાળા પશુ નથી તેનાથી બમણું તો દુધ વપરાય છે, દુધ વપરાય છે તેના પ્રમાણે ચાર ગણુ ઘી વપરાય છે, અમુક ડેરીઓ તો આઈસક્રીમ, ચોકલેટ, પાઉડર પણ બનાવે છે,

ચા, કોફી, દહીં, છાશ, એમ સીધી દુધની બનાવટોમાં પુરૂ થાય એટલુ દુધ માંડ પેદા થાય છે.

ફેટ પેદા કરવા, ઘી બનાવવા, માવા બનાવવાના રસાયણો વેચનારા લોકો અબજોપતિ બની ગયા છે.



ગુજરાતમાં દુધની દરેક બનાવટોમાં, દુધ, દહીં, માવા, મિઠાઈ, આઈસક્રીમ, લસ્સી, મીકસ બરફી બનાવતા ઉત્પાદકોને મુંબઈની જર્મન ટેકનોલોજીની કામાણી કંપની ફેટ પ્રોસેસિંગ તેલ અને વનસ્પતિ ઘી સપ્લાય કરે છે, વિશ્વકક્ષાએ પ્રમાણિત છે, પણ દુધની બનાવટોમાં તેનો સંપૂર્ણ ઉપયોગ કરી કરોડો લોકોના સ્વાસ્થય સાથે રોગો, બિમારીઓ પેદા કરવાનો ખુની ખેલ સમગ્ર ભારતમાં ખેલાય રહ્યો છે, જેમાં દવા બનાવતી ફાર્મસીઓ અને રાજ્ય સરકારના ફુડ & ડ્રગ્સ વિભાગ, આરોગ્ય વિભાગ અને સરકારી તંત્રનો મહાકાય ભ્રષ્ટાચાર સામેલ છે.

દરેક વ્યક્તિનું જીવન અમુલ્ય છે, દુધ ઉત્પાદન અને સંપાદન કરતી ડેરીઓ, સંઘો, તબેલાવાળાઓ, રાજકારણીઓ, અને આઈસક્રીમ બનાવતી કંપનીઓ વસતી ઘટાડાના આ મહાઅભિયાનમાં જોડાયેલા છે,

દુધમાંથી ફેટ-મલાઈ (કેલ્શિયમ) કાઢી લીધા પછી ફરી એટલું જ ફેટ ઉત્પન્ન કરવા માટે વપરાતા ખતરનાક રસાયણોનો માસિક ૩૦૦ કરોડનો ગેરકાનૂની ધંધો બેફામ ચાલી રહ્યો છે,

પીલેલુ, અને કોથળીઓમાં પેકિંગ થયેલા દુધમાં ફેટનું પ્રમાણ જાળવવા હાઈડ્રોજેનેટ વેજીટેબલ ફેટ વપરાય છે અને દુધના ટેન્કરો દ્વારા રાત્રે દરેક મોટી ડેરીઓમાં ઠલવાય છે,

ગુજરાતની તમામ જનતાએ ચેતવાની જરૂર છે અને બજારમાં વેચાતા દરેક આઈસ્ક્રીમ, લસ્સી, દુધની મિઠાઈઓનો સંદતર વપરાશ બંધ કરી અને દોવાયેલુ દુધ સીધુ મળતુ હોય તો પેકેજીંગ દુધનો વપરાશ પણ કાયમી ધોરણે બંધ કરજો,

કોઈપણ કંપનીના આઈસક્રીમને ખુલ્લામાં મુકી ઓગળી જવા દેજો અને જે ફીણ વધે તે જરા જાતે ચકાસજો..

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# શ્રી મહાકાલ જ્યોતિલિંગની કથા



મધ્ય પ્રદેશની ઉજ્જૈન નગરી એ આકાશ અને ધરતી બંન્નેના કેન્દ્રબિંદુ પર સ્થિત છે.આવી આ પુણ્યશાળી અવંતિનગરીમાં ભગવાન શ્રીમહાકાલેશ્વર જ્યોર્તિલિંગની સ્થાપના છે જે બાર જ્યોર્તિલિંગો પૈકીનું એક છે. ઉજ્જૈની શબ્દનો અર્થ થાય છે ઉત્કર્ષ સાથે જયઘોષ કરનારી નગરી.સ્વયંભૂ-ભવ્ય અને દક્ષિણમુખી હોવાને કારણે અહી બિરાજમાન દેવાધિદેવ દક્ષિણામૂર્તિ તરીકે પ્રસિદ્ધ છે.આ જ્યોર્તિલિંગનાં દર્શન માત્રથી જ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે એવી માન્યતા છે.મહાકવિ કાલિદાસે તેમના સુપ્રસિદ્ધ કાવ્યગ્રંથ મેઘદૂતમાં ઉજ્જૈન નગરનું વર્ણન કરતી વેળા શ્રીમહાકાલેશ્વર જ્યોર્તિલિંગનો ઉલ્લેખ કર્યો છે.શાસ્ત્રોમાં આ શિવલિંગની મહત્તાનું વર્ણન કરતા કહેવાયું છે કે આકાશે તારકં લિંગમ્ પાતાલે હાટકેશ્વરમ્ ભૂલોકે ચ મહાકાલોઃ લિંગમ્ ત્રય નમોડસ્તુતે..એટલે કે આકાશ-પાતાળ અને ભૂલોક પર સ્થિત મહત્વના ત્રણ શિવલિંગોમાં મહાકાલની ગણના ભૂલોકના સ્વામી તરીકે થઈ છે.ઉજ્જૈનની ભૂમિ પર તો મહાકાલ જ સર્વેસર્વા મનાય છે અને એટલે જ તો તે અહીં રાજાધિરાજ તેમજ અવંતિકાનાથ તરીકે પૂજાય છે.

આ તીર્થક્ષેત્રનું મહત્વ સમજવા આપણે વેદકાળ જેટલા પાછળ જવું પડશે.તે કાળે ક્ષિપ્રા નદીની આજુબાજુના પ્રદેશમાં ભક્તિ દીન-હીન ક્ષુદ્ર બની હતી.જે કંઈ ભક્તો અને ભાવિકો હતા તે દૈન્યથી ભરેલા હતા.એકાદશીનો ઉપવાસ કરવો,અધિક મહિનામાં એકટાણું કરવું અને એકાદ બે ભજન ગાવા એટલે થઈ ગયા ભક્ત ! આવી મુર્ખાઈમાં લોકો રાચતા હતા.આ દીન અને વહેમી ભક્તોને ભાવિકોની સાચી ભક્તિ એટલે શું તેની ખબર જ નહોતી.નાસ્તિકતા વધી ગઈ હતી.ખાવો-પીવો અને મઝા કરો..આ વૃત્તિના માણસો વધુ સંખ્યામાં હતા.

તે સમયે ક્ષિપ્રા નદીના કિનારે અવંતિનગરીમાં ચંદ્રસેન રાજા રાજ્ય કરતા હતા.તે ઘણા જ ધાર્મિક હતા.પૈતૃક પરંપરામાં તેમને મહાકાલની ઉપાસના મળી હતી.ચંદ્રસેનના વખતનો કાળ બગડી ગયો હતો.ધર્મ-સંસ્કૃતિ અને ભક્તિના વિશે લોકોમાં ખોટી કલ્પના ઘુસી ગઈ હતી.જ્ઞાનની પૂજા ખલાસ થઈ ગઈ હતી.એક દિવસ ચંદ્રસેન અંતઃકરણપૂર્વક મહાકાલની પૂજા કરતા હતા તે સમયે એક ગોપપૂત્ર પોતાની માતા સાથે ત્યાં આવે છે.ગોપપૂત્રે રાજાની પૂજા જોઈ.ત્યાંનું વાતાવરણ અને રાજાની તલ્લીનતા જોઈ તેનું હદય આનંદ વિભોર બન્યું.પૂર્વજન્મના તેના સુપ્ત સંસ્કાર જાગૃત થયા.તે ઘેર આવ્યો પરંતુ તેનું ચિત્ત મહાકાલમાં જ ચોંટેલું રહેતું હતું.તેનું રમવાનું ભણવાનું બધું છુટી ગયું.આખો દિવસ તે શિવલિંગ બનાવે અને ચંદ્રસેનની જેમ ચિત્ત એકાગ્ર કરીને બેસી રહે.

કંઈ વ્યક્તિને ક્યારે ક્યે સમયે અને ક્યાં પહોંચાડવી તે ફક્ત ભગવાનને જ ખબર હોય છે.માણસ ગમે તેટલુ ચિંતન કરે તેમ છતાં તેની ચાલ કોઈ સમજી શકતું નથી.આપણે બધા આ સંસારની શતરંજના પ્યાદાં છીએ એટલે તે ક્યાં લઈ જાય છે અને કેમ લઈ જાય છે તેની માથાકુટમાં પડ્યા વિના ભગવાનને નમસ્કાર કરીએ.

એકવાર જમવાની વાર હતી.ગોપપૂત્રની માતા રસોઈ બનાવતી હતી.ગોપપૂત્ર શિવલિંગ બનાવી ચિત્ત એકાગ્ર કરી બેઠો હતો તે સમયે તેની માતાએ જમવા માટે બૂમ મારી પણ તે ભગવાનમાં તલ્લીન હતો એટલે સાંભળ્યું નહી એટલે તેની માતા આવીને જુવે છે તો તે ધ્યાનસ્થ થઈ બેઠો હતો.તેની માતા ગુસ્સે થઈ કેમકે તેને ભણતર છોડ્યુ હતું.તેનું મન સંસારની વાતોમાં ચોંટતું નહોતું.ઘરમાં પણ તે ધ્યાન આપતો નહોતો એટલે માતાએ કહ્યું કે હું તારા ઉપર આશા રાખીને જીવું છું કે તૂં ભણશે,મોટો થશે,કમાશે અને મને સુખી કરશે.મને રથમાં બેસાડી યાત્રા કરાવશે પણ દિવસે દિવસે તારૂં ગાંડપણ વધી ગયું છે. જ્યારે જુઓ ત્યારે શિવલિંગ બનાવી ગાંડાની જેમ આંખો મીંચી બેસી રહે છે.તારો આ નંદીપતિ(શિવ) તને ખવડાવવાનો છે? હું તને શું બનાવવા માંગતી હતી અને તૂં શું કરે છે તેનું તને ભાન છે? આમ કહીને બળજબરીથી તેનો હાથ પકડીને ઉભો કર્યો એટલે તે અસ્વસ્થ થઈ જાય છે.મારી માતાએ મારા આરાધ્યદેવની આવી નિર્ભત્સના કરી !

એક રાત્રિએ તે માતાને સૂતી મુકીને ચાલી નીકળ્યો.ફરતાં ફરતાં તે ઓર્વ ઋષિના આશ્રમમાં આવીને તે વિદ્યા ભણવા લાગ્યો.એક વખત તે ઓર્વ ઋષિને પુછે છે કે ગુરૂજી ! મારે શિવ મેળવવા છે મને તે મળશે? ગુરૂજીએ કહ્યું કે તૂં જે વાણીથી બોલે છે તે વાણી બોલાવનાર શક્તિ એટલે જ શિવ.તે શિવ તો તારામાં જ છે.તે શિવ તો તૂં પોતે જ છે.તે શિવ સર્વવ્યાપક છે.આ દિવ્ય ભક્તિની વિચારધારા સમાજમાં લઈ જા. ગોપપૂત્રને નવી દ્રષ્ટિ મળી.અંતર્ભક્તિ તો બાળપણથી જ હતી.હવે તેનામાં ડહાપણ આવ્યું.તેને વિદ્યા મળી તેની સમજણ નિર્માણ થતાં ગુરૂજીને પ્રણામ કરી તેને વિદાઈ લીધી.

ગોપપૂત્ર તપોવનની બહાર આવ્યો.એક વૃક્ષની નીચે બેસી વિચારવા લાગ્યો કે પ્રભુનું શું કાર્ય કરવું? તેને ભગવાનને પુછ્યું કે તારૂં કંઈક કાર્ય કરવું છે પણ મને કંઈ સુઝતું નથી.તમે જ મને રસ્તો બતાડો. ભગવાનને પણ લાગ્યું કે આના હાથે મહાન કાર્ય થશે.આનામાં બુદ્ધિ-તેજસ્વીતા અને ભક્તિ ભાવ છે પરંતુ ભગવદકાર્ય કરવું હોય તો શક્તિ અને વૈભવ વિના ભક્તિ યોગ્ય રીતે સમાજમાં લઈ જઈ શકાતી નથી. ગોપપૂત્રની તીવ્ર ઈચ્છા જોઈ ભગવાને તેને દર્શન આપ્યા.ભગવદકાર્યને માટે વૈભવ મળે તે માટે તેને ચિંતામણી આપ્યો.જે કંઈ વૈભવ જોઈએ તે આ ચિંતામણી પાસેથી મળે.આવો ચિંતામણી આપી ભગવાન અદ્રશ્ય થયા.

જે સ્થળે તેને પહેલી પ્રેરણા મળી જીવનનું માર્ગદર્શન મળ્યું જે ઠેકાણે ભગવાનનો પહેલો આવિષ્કાર થયો તે મંદિરમાં ભક્તિમાં તલ્લીન થઈ ભગવાન પાસે બેસી ભગવાનને હાંક મારી કે તેં મને વૈભવ આપ્યો પણ તેનું શું કરવું તેની મને ખબર પડતી નથી, એટલામાં રાજા ચંદ્રસેન પૂજા કરવા મંદિરમાં આવ્યા. ગોપપૂત્રને ભગવાનમાં તલ્લીન થઈ બેઠેલો જોઈ તેમને આશ્ચર્ય થાય છે.હવે તે પહેલાંના જેવો ગોપપૂત્ર રહ્યો નહોતો. તે તેજસ્વી અને જ્ઞાની થયો હતો.તેની પાસે કુબેરના વૈભવને શરમાવે તેવો વૈભવ આપનાર ચિંતામણી હતો.ચંદ્રસેનને લાગ્યું કે આપણે આંગણે ભગવાનના મંદિરમાં આવો તેજસ્વી મહાન કર્મયોગી પરમ ભક્ત આવી ચડ્યો છે તે આપણું સદભાગ્ય છે.ભગવાનની પૂજા કરી ચંદ્રસેન ગોપપૂત્ર પાસે આવ્યા તેમને નમસ્કાર કર્યા.

ગોપપૂત્રે કહ્યું રાજા ! આ મહાકાળ તમારા ઉપાસ્ય દેવ છે.કાળને બદલાવનાર લોકોના આ દેવતા છે અને તેમની ઉપાસના કરનાર તમે પોતે જ કાળના પ્રવાહમાં તણાઈ ગયા? તમે ભગવાનની ભક્તિ ભુક્તિ માટે કરો છો? આજે આખું જગત શા માટે પીડિત થયું છે?સમાજ નિસ્તેજ અને લાચાર કેમ બન્યો? તેજસ્વી ભક્તિ કેમ ચાલી ગઈ? આજે તો પીછેસે આયા આગે લૌટ ગયા..આવી ભક્તિ ચાલી રહી છે.આ સ્થિતિ શી રીતે થઈ? અને આવું જો ચાલ્યા કરશે તો વિચાર કર કે આગળ જતાં ભક્તિની શું સ્થિતિ થશે?

રાજા ! તને વૈભવનો મિજાજ છે પરંતુ એમ ન સમજતો કે તમારા એકલા પાસે વૈભવ છે.મારી પાસે તારાથી ચડીયાતો વૈભવ છે એમ કહી ખિસ્સામાંથી ચિંતામણી બહાર કાઢ્યો તો આખું મંદિર ઝળહળી ઉઠ્યું. પરંતુ આ વૈભવ સંભાળે કોન? લે રાજા ! આ ચિંતામણી તારી પાસે રાખ.આનાથી તમોને જોઈએ તેટલો વૈભવ મળશે.તારી પાસે શક્તિ છે,વૈભવ છે હવે ભગવાનનું કામ કરો.ત્યાર પછી ગોપપૂત્રે પોતાની માતાને પગે લાગ્યો.ગોપપૂત્રની બુદ્ધિ, ચંદ્રસેનની શક્તિ અને ભગવાને આપેલા ચિંતામણીના વૈભવથી આ જોડીએ અદભૂત કાર્ય કર્યું.બગડેલી સંસ્કૃતિ પાછી સુધારી.વિકૃત થયેલી ભક્તિને યોગ્ય રૂપ આપ્યું.

ચંદ્રસેન રાજા પાસે ચિંતામણી છે એ સમાચાર મળતાં ક્ષિપ્રા નદીના કિનારે અવંતિનગરીના પાસેના વિસ્તારના વિત્તલાલસુ રાજાઓએ ભેગા મળી ચંદ્રસેન ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું.ચંદ્રસેને આ વાત જાણતાં ગોપપૂત્ર પાસે આવી સમાચાર આપ્યા અને યુદ્ધ માટે તત્પરતા દેખાડી.ગોપપૂત્રે રાજાને વાર્યો અને કહ્યું કે પહેલાં હું એકલો તેમને મળી આવું છું.ગોપપૂત્ર એકલો આ બધા રાજાને મળવા જાય છે અને કહે છે કે..તમને ખબર છે ચિંતામણી કોને મળે? તમે જાણો છો ચંદ્રસેનને ચિંતામણી શા માટે મળ્યો છે? અરે ! થોડો તો વિચાર કરો કે જે વૈભવ માટે તમે દોડધામ કરો છો, જેના માટે તમે યુદ્ધ કરવા તૈયાર થયા છો તે વૈભવ તમે મરશો ત્યારે શું તમારી સાથે આવવાનો છે? આંખ મિંચાયા પછી બધું જ અહી રહેવાનું છે. ગોપપૂત્રની તેજસ્વી-આકર્ષક અને પ્રભાવી વાણી સાંભળી,જીવન તરફ જોવાની તેજસ્વી વિચારધારા જોઈ રાજાઓને લાગ્યું કે આપણી કંઈક ભૂલ થાય છે.ત્યાર પછી ગોપપૂત્રે વૈભવ કોની પાસે હોવો જોઈએ તેની મિમાંસા કરી.ગોપપૂત્રે બધા ક્ષત્રિય રાજાઓનો એક ક્ષાત્રસંઘ ઉભો કર્યો અને ચંદ્રસેનને પ્રમુખ બનાવ્યા.

ગોપપૂત્રે આ સંઘબળથી,ચંદ્રસેન અને ચિંતામણીની મદદથી,ભગવાન મહાકાલની પ્રેરણા અને આર્શિવાદથી તત્કાલીન આખો સમાજ બદલાવ્યો.આ બધાનું કાર્ય જોઈ સમાજમાં નિર્માણ થયેલી શાંતિ અને પ્રસન્ન વાતાવરણ જોઈ ભગવાન મહાકાલ ત્યાં વ્યક્ત થયા અને સર્વને દર્શન આપ્યા.

આ ગોપપૂત્રનું નામ શ્રીકર હતું.આ મહાન કર્તૃત્વશાળી પરમ જ્ઞાની શિવભક્ત શ્રીકરની નવમી પેઢીએ ભગવાન વિષ્ણુના પૂર્ણ અવતાર તરીકે શ્રીકૃષ્ણ જન્મ્યા હતા.આવા શ્રીકરે મહાકાલના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો.ભયભાવ અને અભયભાવ દેખાડનાર આ મહાકાલ કાળના પ્રવાહમાં તણાઈ જતા લોકો માટે કાળ જેવા છે.આ અવંતિ એટલે આજનું ઉજ્જૈન.

ભગવાન મહાકાલનાં દર્શન કર્યા પછી કાળ બદલવાનો વિચાર આવે પરંતુ પ્રત્યક્ષ કાર્ય કરવું મુશ્કેલ છે.જીવનમાં કર્મયોગ હોવો જોઈએ.અંતઃકરણ ભાવભીનું હોવું જોઈએ.આવા કર્મયોગીને મહાકાલ મદદ કરે છે. શિવ એટલે કલ્યાણ.શિવ એટલે જ્ઞાન.જીવનમાં અને ભક્તિમાં જ્ઞાન હોવું જોઈએ.

શિવનો અર્થ છે કલ્યાણ.તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો.તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય.પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે.શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે.અહી વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે.હિમાલય જેવું શાંત મહાન સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે.



સંકલનઃ નિતૂં સૈની

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

NOG SSN 0089
પ્રવિણા કડકિઆ
વિષય. સમરસતા
શીર્ષક નસીબદાર
ગદ્ય



સામાન્ય રીતે જાણવામાં આવ્યું છે કે સમરસતા પતિ અને પત્નીમાં હોતી નથી! કિંતુ એ પણ એટલું જ સત્ય છે “ લોહચુંબકના વિરુદ્ધ ધ્રુવ એકબીજાને આકર્ષે છે”.

જો બેઉમાં બધી વાતે સમરસતા હોય તો જીવન નિરસ થઈ જાય. બંને એકબીજાના પૂરક હોય તો જીવનમાં ઉમંગ અને ઉત્સાહ ટકી રહે.

હા, જીવનમાં જો સમરસતાવાળા મિત્રો મળે તો મેઘધનુષના રંગ આચ્છાદિત થાય. એક બીજાને સહારે પ્રગતિના પંથે પ્રયાણ સરળ બને. મૈત્રી પ્રેમની સુગંધ ફેલાવે. નસિબદારને આવા મિત્રો મળી પણ જાય છે.

ઘણિવાર સમરસતા કેળવવામાં સફળતા પ્રાપ્ત થાય છે. સાદો દાખલો આપું . મને ખેલકૂદમાં આનંદ આવે અને પતિદેવને ટી વી જોવામાં.

હવે જીવનમાં કંકાસ ન જોઈતો હોય તો પતિદેવને ટી વી જોવામાં સાથ આપવો જરુરી બંને. તેઓ તમારી સાથે બાઈક ચલાવવા પણ આવે. આમાં નુકશાન નહીં સરવાળે જીવન સુખમય બની રહે.

કદી એવો આગ્રહ ન સેવવો કે જે મને ગમે તે સહુને ગમવું જોઈએ.

જો આપણે પહેલ કરીશું તો સામેવાળી વ્યક્તિ પણ જરુર સહકાર આપશે. કોઈ બે આંગળી સરખી હોય એવું જાણવામાં આવ્યું નથી.

એક માબાપના સંતાનો સરખા હોય એવું ક્યારે બન્યું છે ખરું? બે સમરસતા ધરવતા વ્યક્તિ ક્યારે ભટકાઈ જાય છે તેનો અંદાઝ પણ હોતો નથી.

આ જીવનમાં કશું અસંભવ નથી. એ પ્રમાણે કશું કહીને પણ બનતું નથી! સમય સમયનું કામ કરે છે. કુદરત યોગ્ય સમયે તેની કલામયતા દર્શાવે છે.

જીવનને ચાર ચાંદ લગાડવામાં સમરસતા તેનો ભાગ ભજવે છે. જીવનમાં સુમધુર સંગીત રેલાવે છે.

સંબંધોમાં તો ઘણી બાંધછોડ કરવી આવશ્યક છે. હઠ અને જડતા જીવનને દુષ્કર બનાવવી દેશે. સમરસતા પ્રાપ્ત ન થાય તો થોડા નમવામાં જ મજા છે. જીવન જીવવાની કળામાં પારંગત થવું આવશ્યક છે.

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૭૬૦ની નરમાઈ: મેન્થા તેલમાં મિશ્ર વલણ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૦૫,૧૭૦ સોદાઓમાં કુલ રૂ.૨૫,૫૮૨.૩૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૧૪૯.૦૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૮૪૨૫.૦૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૩,૪૪૪ સોદાઓમાં રૂ.૫,૧૬૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૩૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૪૬૦ અને નીચામાં રૂ.૫૯,૨૯૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૯ ઘટી રૂ.૫૯,૩૨૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૪૭,૯૯૮ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ ઘટી રૂ.૫,૯૦૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧ ઘટી રૂ.૫૯,૨૪૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૦૯૯ અને નીચામાં રૂ.૭૨,૦૦૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૮૭ ઘટી રૂ.૭૨,૧૭૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૩૭ ઘટી રૂ.૭૩,૫૬૮ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૨૯ ઘટી રૂ.૭૩,૫૮૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૦૪૬ સોદાઓમાં રૂ.,૭૪૬.૨૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ સપ્ટેમ્બર વાયદો રૂ.૭૩૫.૬૫ના ભાવે ખૂલી, રૂ.૦.૩૫ વધી રૂ.૭૩૬.૯૫ જ્યારે એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૨૦૦.૫૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૨૦૦.૮૫ સીસુ-મિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૭.૧૫ જસત-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૨૦.૦૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૮૯૬ સોદાઓમાં રૂ.૧,૨૧૫.૪૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૧૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૨૧ અને નીચામાં રૂ.૭,૦૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩ ઘટી રૂ.૭,૦૭૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૩૩ ઘટી રૂ.૭,૦૬૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૦ના ભાવે ખૂલી, રૂ.૧.૭૦ ઘટી રૂ.૨૧૯ અને નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૧.૭ ઘટી ૨૧૯.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૬.૨૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૦૦૦ અને નીચામાં રૂ.૬૦,૫૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૬૦ ઘટી રૂ.૬૦,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૪.૮૦ ઘટી રૂ.૯૮૮ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૧૮૦.૦૯ કરોડનાં ૧,૯૮૫.૭૭૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૯૮૦.૯૭ કરોડનાં ૫૩૯.૦૪૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૧૯.૧૬ કરોડનાં ૫,૯૧,૬૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૯૬.૩૧ કરોડનાં ૩,૫૭,૮૦,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૭૪.૫૨ કરોડનાં ૩,૭૧૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૯.૦૪ કરોડનાં ૧,૫૫૪ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૩૯૯.૩૫ કરોડનાં ૫,૪૨૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
**નૈમિષ ત્રિવેદી**

રૂ.૨૪૩.૩૫ કરોડનાં ૧૧,૦૬૦ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૭૯ કરોડનાં ૬૨૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૨.૪૮ કરોડનાં ૨૨૩.૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૬૫.૪૬૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૧૨.૩૦૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૭૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૦૮૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૧૮૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૫૭૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૩૪,૨૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૧૮,૫૪,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૪,૨૨૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૧૮.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૮.૨૮ કરોડનાં ૧૦૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૦૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૯૩૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૯૬૪ અને નીચામાં ૧૫,૮૮૦ બોલાઈ, ૮૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૯ પોઈન્ટ ઘટી ૧૫,૯૦૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૮૪૨૫.૦૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૦૯.૮૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૭૦.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૪૬૧.૧૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૭૭.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૮૦.૦૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૧.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭૭.૬૦ અને નીચામાં રૂ.૧૪૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭.૭૦ ઘટી રૂ.૧૫૩.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૫૦ અને નીચામાં રૂ.૧૧.૪૫ રહી, અંતે રૂ.૦.૮૫ ઘટી રૂ.૧૧.૯૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૯૮ અને નીચામાં રૂ.૨૪૬.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯ ઘટી રૂ.૨૬૪ થયો હતો, જ્યારે સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૧ અને નીચામાં રૂ.૨૫૦ રહી, અંતે રૂ.૮ વધી રૂ.૨૭૧ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૦૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૯૭ ઘટી રૂ.૧,૭૬૬.૫૦ થયો હતો,

આભાર - નિહારીકા રવિયા જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૦૧ના ભાવે ખૂલી, રૂ.૩૯૩ ઘટી રૂ.૧,૭૨૮.૫૦ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૯૧ ઘટી રૂ.૭.૦૪ જસત સપ્ટેમ્બર રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૨ વધી રૂ.૦.૫૨ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૪ અને નીચામાં રૂ.૧૧૮.૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૯૦ વધી રૂ.૧૩૭.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૫૦ અને નીચામાં રૂ.૧૧.૫૦ રહી, અંતે રૂ.૦.૯૦ વધી રૂ.૧૩ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭૬ અને નીચામાં રૂ.૩૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯.૫૦ વધી રૂ.૩૬૨ થયો હતો, જ્યારે સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૧ અને નીચામાં રૂ.૩૧૦ રહી, અંતે રૂ.૩૮ વધી રૂ.૩૬૧.૫૦ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૧૩ના ભાવે ખૂલી, રૂ.૩૮૫ વધી રૂ.૨,૦૪૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૭૩ વધી રૂ.૨,૦૮૩.૫૦ થયો હતો.

# સત્યમ્ શિવમ્ સુંદરમ્ શિવ હી સત્ય હૈ...

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આપણા સનાતન ધર્મ ઉપર કઠુરા ઘાત બોદ્ધ ધર્મ દ્વારા કરવામાં આવેલ હતો, બૌદ્ધ ધર્મ એ સમગ્ર આર્યવ્રત ઉપર ભરડો લીધો હતો સમગ્ર રાજાઓ ને પણ બૌદ્ધ ધર્મ માં સમાવિષ્ઠ કરી લીધા હતા. તેમાં ચક્રવર્તી રાજા અશોક પણ સમાવિષ્ટ હતા, અને કેટલાયે દેશો અને રજાઓ ને પણ બૌદ્ધ ધર્મ માં સમાવિષ્ઠ કરી લીધા હતા, સનાતન ધર્મ લોપ થવાની અણી પર હતો અથવા નીઃસહાય હતો .

આ સમયે દક્ષિણ ભારત માં એક અવતારી દિવ્ય આત્મા પૂજ્ય શ્રી શંકરાચાર્યજી નો જન્મ થયો.. જેઓ જન્મથીજ અલોકીક લક્ષણો ધરાવતા હતા.. ૮ વર્ષની ઉંમરે સમગ્ર શાસ્ત્રો ને કંઠસ્થ કરી લીધા હતા અને તેઓ નાની ઉંમરમાં ગૃહ ત્યાગ કરી ભ્રમણ કરવા નીકળી ગયા હતાં, અને જે પ્રતિસ્પર્ધી મળે તેને શાસ્ત્રાર્થ કરી પરાજીત કરતા હતા અને તેને સનાતન ધર્મનો મહિમા સમજાવી સનાતન ધર્મ માં સામેલ કરતા હતા અને ધીરે ધીરે બૌદ્ધ ધર્મના અંચળા થી બહાર લાવતા હતા.

આથી બૌદ્ધ ધર્મ ગુરુઓ દ્વારા તેમના ઉપર ઘાતક હુમલા થવા લાગ્યા,તેથી સનાતન ધર્મ અને તેના પ્રચારકો ના રક્ષણ માટે નાગા બાવાઓ ની ફૌજ તૈયાર કરવામાં આવી આ ફૌજમાં ફક્ત ધર્મ માટે મરી મિટવા વાળા યોદ્ધાઓ ની ભરતી કરવામાં આવતી હતી,જેઓને જુદા જુદા વિસ્તારો માંથી સંગઠિત કરવામાં આવતા હતા તેથી તેઓની ઓળખ માટે દશનામ પાડવામાં આવ્યા હતા જેમકે પુરી, ભારતી,સરસ્વતી, ગીરી,પર્વત,સાગર, વન,અરણ્ય,તીર્થ,આશ્રમ આમ દસ પ્રકારના લડવૈયાઓ ની સેના તૈયાર કરી અને તેઓના સંગઠિત રહેવા માટે ચારો દિશાઓમાં ચાર મઠ ની સ્થાપનાઓ કરવામાં આવેલ હતી તેનાથી વિદ્વાન સંતો દ્વારા તાકાત અને શાસ્ત્રો ના જાણકાર મહાન હસ્તીઓ દ્વારા સનાતન ધર્મનો પુનોર્થાન કરવામાં આવ્યો હતો અને બૌદ્ધ ધર્મ ને ભારત માંથી ભગાડવામાં આવ્યો હતો,આ સંપૂર્ણ ધર્મ ઉત્થાન નું કાર્ય પરમ પૂજ્ય જગત ગુરુ શ્રી શંકરાચાર્ય ના માર્ગદર્શન અને તેમના થકી કરવામાં આવેલ હતું

અત્યારે જુદા જુદા ધર્મના અંચળા હેઠળ નવા નવા પંથો,સંપ્રદાયો,આપા પંથીઓ,ગુરુઓ,નવા નવા ધર્મો પ્રગટ થઈ રહ્યા છે જેઓ ફક્ત સનાતન ધર્મ અને તેના દેવી દેવતાઓ વિરૂદ્ધ અપપ્રચાર કરી રહ્યા છે અને પોતાનો મહિમા મંડન કરી રહ્યા છે અને સનાતન ધર્મ ને વગોવી રહ્યા છે.આમાં આજે સૌથી મોટો ભાગ સ્વામીનારાયણ સંપ્રદાય,બ્રહ્મા કુમારી,અને બનીબેઠેલા ગુરુઓ પોતાની જાતને બ્રહ્મવેત્તા સમજી બેઠાછે કે પોતાના શિષ્યોને પોતેજ ભગવાન સમજાવી રહ્યાછે અને પોતેજ ભગવાન છે તેવા આપા પંથીઓ વધારે સનાતન ધર્મ નું નુકશાન કરી રહ્યા છે .

હવે જેઓએ ધર્મ માટે સન્યસ્ત ધારણ કરેલ છે જેઓ ફક્ત રામદળ અને શભુદલ સાથે જોડાયેલ અખાડાઓ ની પરંપરા સાથે જોડાયેલ છે તેઓ સંપૂર્ણ રીતે સનાતન ધર્મ ને વરાયેલ છે તેઓએ મેદાનમાં આવી ધર્મ રક્ષણ માટે જે કંઈ કરવું પડે તેના માટે જીવન નૌસાવર કરવું પડશે,કારણ તમે સૌએ ભેખ ધારણ કરતા સમયે ધર્મ રક્ષણ ના સોગંદ અને પ્રતિજ્ઞા લીધી છે

અમો સનાતની ધર્મ પરાયણ તમારી સાથે છીએ...તમે સૌ સંતો આગેવાની લઈ અમોને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપો તેવી પ્રાર્થના

જય જય શ્રી રામ
ૐ નમો નારાયણ બાપુ
હર હર મહાદેવ હર
બાબુપુરી ગોસ્વામી
ગણપતી મંદિર
મહેસાણા....

# ઉનાળાના સૂરજની જેમ તપવાના બદલે યુરોપની સરકાર રાહતોની રેવડીનો વરસાદ વરસાવે છે!!

હમણા હમણા શ્રીલંકામાં આર્થિક બદહાલી અને દેવાળિયા બનેલી સરકાર સામે લોકો રસ્તા પર ઉતર્યા, તોફાનો કર્યા, સંપતિને આગ લગાડી , પ્રમુખના નિવાસસ્થાનમાં હલ્લાબોલ કર્યું પ્રમુખના પલંગ પર લોકો ઉંધ્યા, સ્વિમિંગ પુલમાં નાહ્યા. પોલીસ-સૈન્ય લોકોનો ઉત્પાતના સાક્ષી બન્યા. થોડો ગોળીબાર કરી પરિસ્થિતિ કાબુમાં લેવાનો પ્રયત્ન સુધ્ધા ન કર્યો!!

યુરોપમાં મોંઘવારીએ માઝા મૂકી છે. યુરોઝોનના ૧૯ દેશોમાં મે મહિનામાં ફુગાવો વધી ૮.૧ ટકાના રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો, જે ૧૯૯૭ પછીના સૌથી ઊંચા સ્તરે છે. એનર્જીના ભાવમાં ૩૯.૨ ટકાનો જંગી ઉછાળો આવ્યો છે. વૈશ્વિક ઊર્જા કટોકટીને કારણે યુરોપના ૩૪.૪ કરોડ લોકો માટે જીવન વધુને વધુ મોંઘું બની રહ્યું છે. યુરોપમાં ફુગાવાનું આ સ્તરે ૧૯૯૭ પછીના સૌથી ઊંચા સ્તરે છે. યુરોપના દેશોમાં કપડા, એપ્લાયન્સિસ, કાર, કમ્પ્યૂટર્સ અને બુક્સ જેવી ચીજવસ્તુઓના ભાવમાં પણ ૪.૨ ટકાનો ઉછાળો આવ્યો છે. સર્વિસિસ માટેના ભાવમાં ૩.૫ ટકાનો વધારો થયો છે.

જર્મની, ઈટાલી અને સ્પેન સહિત અનેક યુરોપિયન દેશોમાં સનફ્લાવર ઓઈલ અને લોટનો જથ્થો ઘટી રહ્યો છે. એટલે લોકો ગભરાઈને ખરીદી કરી રહ્યા છે. સ્પેનમાં જરૂરી ચીજવસ્તુઓના વેચાણમાં ૧૪% ઊછાળો નોંધાયો છે. બ્રિટનમાં ઘરની સરેરાશ આવક ૨.૧૧ લાખ રૂ. ઘટી જશે. ખાતરના ભાવ ૫ ગણા વધી ગયા છે, ખાદ્યાન્ન સંકટ ઊભું થશે. બ્રિટને યુક્રેનના લોકોને શરણ આપવા ૧૦ હજાર વિઝા ઈશ્યુ કર્યા. વિઝા ઈશ્યુ કરવામાં વિલંબને કારણે માત્ર ૧૦% લોકો જ બ્રિટન પહોંચ્યા. ઓસ્ટ્રેલિયામાં પેટ્રોલનો ભાવ બમણો થઈ ગયો છે, મોંઘવારી ચૂંટણીમુદ્દો બન્યો છે, જેથી સરકારે લોઅર-મિડલ ક્લાસના દરેક પરિવારને ૧૯ હજાર રૂ. અને ઈનકમ ટેક્સમાં ૧.૧૪ લાખ રૂ.ની રાહત આપી છે. મોંઘવારીના વરસાદથી આકળવિકળ થઈને મધ્યમવર્ગ સડક પર ઉતર્યો છે. અલબત, એમણે કોઈ સડકછાપ હરકત નથી કરી. એ લોકો જનતા છે, જનતાના પ્રતિનિધિ લાટસાહેબ નથી !!જેનાથી સરકારને પરસેવા છૂટી રહ્યા છે.ફ્રાન્સમા ઈમેન્યુઅલ મેક્રોન પ્રજાના રોષનો સામનો કરી રહ્યા છે.જર્મની, ફ્રાન્સ અને ઈટાલી જેવા દેશો લોકોને રાહત આપવા દૈનિક જરૂરિયાતો કિફાયતી ભાવે આપવા મથે છે. છતાં, સ્ટોક પર ભારે ભીડ છે!!શિયાળામાં યુરોપના દેશોમાં વીજળીની સ્થિતિ સ્ફોટક થવાની સંભાવના છે. હાલમાં જર્મની પ્રતિ મેગાવોટ રૂપિયા ૮૦ હજાર અનેફ્રાન્સમાં ૮૦ હજાર છે.ગત વરસની સરખામણીએ ૧૦%નો વધારો નોંધાયો છે.બ્રિટનમાં ઓકટોબરથી વીજળીના ભાવમાં ૮૦% નો વધારો થનાર છે.

એશિયા, અમેરિકા અને યુરોપિયન દેશો સુધી વધતી મોંઘવારીથી લોકો પરેશાન છે. યુરોપિયન દેશોને બે તરફથી માર પડી રહ્યો છે. યુક્રેન પર રશિયાના હુમલાના કારણે ગેસની અછત અને ખાદ્ય પદાર્થોના વધતા ભાવ એમ બંનેનો તેઓ સામનો કરી રહ્યા છે. બ્રિટન, જર્મની સહિત અન્ય દેશોમાં શિયાળાને લઈને ચિંતા વધુ છે કારણ કે ત્યારે ગેસ અને વીજળીની માંગ બમણી થઈ હશે.

. ૧૯ દેશમાં મોંઘવારી ૯%થી વધુ, સૌથી ઓછી ૬.૫% ફ્રાન્સમાં છે.યુરોઝોનના નવ દેશમાં મોંઘવારી દસ ટકાથી વધુ છે. આ જ ઝોનમાં આવતા લિથુઆનિયા, લાટિવિયામાં તો મોંઘવારી દર ૨૦ ટકાના સ્તરને પાર કરી ચૂક્યો છે.

યુરોપની સરકારોએ પગલાં લેવાના શરૂ કરી દીધાં છે. જર્મનીના લોકોને રાહત આપવા અને દેશના અર્થતંત્રને ધબકતું રાખવા ૬૫ અબજ પાઉન્ડ (આશરે રૂ. ૫.૧૫ લાખ કરોડ)ના પેકેજની પણ જાહેરાત કરાઈ છે. હાલના સમયમાં આ ત્રીજું અને સૌથી મોટું રાહત પેકેજ છે.સ્પેનના લોકોને મોંઘવારીના મોરચે રાહત આપવા ટ્રેનમાં મફત પ્રવાસની યોજના શરૂ કરાઈ છે. ૩૦૦ કિ.મી. સુધી તમામ નાગરિકો ટિકિટ લીધા વિના પ્રવાસ કરી શકશે. આ યોજના આ વર્ષના અંત સુધી લાગુ રહેશે. આ ઉપરાંત સ્વિડને વીજ ઉત્પાદનમાં ઝડપ લાવવા ઉદ્યોગોને ઈમર્જન્સી ફંડ આપવાની જાહેરાત કરી છે. આ પહેલાં સરકાર ઘરેલુ વીજળીમાં રાહત આપવા રૂ. ૬૬ હજાર કરોડના પેકેજની જાહેરાત કરી ચૂકી છે.

જર્મનીમાં રાહત પેકેજ હેઠળ વૃદ્ધોને રૂ. ૨૪ હજાર અને વિદ્યાર્થીઓને રૂ. ૧૬ હજાર દર મહિને અપાશે. આ પહેલાં જર્મનીમાં બે વાર રૂ. ૨.૩૭ કરોડના રાહત પેકેજની જાહેરાત થઈ ચૂકી છે. જર્મનીએ લોકોને ટ્રેનમાં પ્રવાસ માટે દર મહિને રૂ. ૭૧૨ આપવાની યોજના શરૂ કરી હતી. તેનો જોરદાર લાભ ઉઠાવાયો હતો.સ્પેનમાં મોંઘવારી દર ૧૧% નજીક પહોંચી ગયો છે. આ કારણથી મફત ટ્રેન યાત્રાનો ફાયદો સામાન્ય લોકોની સાથે પ્રવાસીઓને પણ મળશે. તેથી ખર્ચ વધવાથી અર્થતંત્રને ગતિ મળે. જૂનમાં જ સ્પેને રૂ. ૭૫ હજાર કરોડના રાહત પેકેજની જાહેરાત કરીહતી. ત્યારે કરકપાત સાથે પેન્શન અને સબસિડી પણ વધી હતી.ફિનલેન્ડે વીજળી મોંઘી થતી રોકવા રૂ. ૧.૮૩ લાખ કરોડનો પ્રસ્તાવ રાખ્યો છે. આ રીતે સ્વિડને પણ પોતાની વીજ જરૂરિયાતો પૂરી કરવા આટલી રકમનું ઈમર્જન્સી ફંડ રાખ્યું છે.

યુરોપની સરકારો મોંઘવારીનો પ્રશ્ન હેંડલ કરવાની વૃતિ નથી કે દક્ષતા નથી. લોઢું લોઢાને કાપે તેમ ભાવવધારાને કાપવા માટે રેપોરેટમાં વધારો કરવો જોઇએ. ભાવવધારાથી અધમૂઈ પ્રજાને કળ વળે તે પહેલાં બહુપાંખિયો, ચતુર્દિશા, સર્વસમાવેશક, સર્વગ્રાહી, બહુઆયામી દીર્ઘદ્રષ્ટિયુકત ભાવ વધારો ઝીકવો એ જ નિર્વિકલ્પ ઉપાય રહે છે!! રાહત પેકેજ એવું હોય કે જેમાં રાહતનો “ર“ ન હોય અને પેકેજના “પ “ ન હોય. રાહતને બદલે લોન હોય, જે બેંક આપે અને લોન લેનાર હપતો-વ્યાજ ભરે . મુસાભાઈ એટલે સરકાર માઈ બાપના વા પાણી હોય. હાય રે કમઅક્કલ અને કાયર યુરોપિયન સરકારો !! પ્રજાને રાહત આપવાનું વિચારે એ તેમનું બુધ્ધિનું શતમુખ દેવાળું છે. પ્રજાને શેરડીના કૂચાની જેમ પીલીને ટેકસ વસૂલવાનો હોય. ચાણક્યે કહ્યું છે કે જેવી રીતે પતંગિયું ફૂલમાંથી રસ ચુસે તેમ રાજાએ કર લેવાનો હોય. એ વાત સાંપ્રત સમયમાં સરકાર દ્વારા અનુસરણીય અને અનુકરણીય નથી!!આ પ્રજા કોઈ રિયાસતને લાયક કયાં છે??એને બુટની એડી નીચે કચડવાની હોય!!એને બદલે યુરોપની સરકારે રેવડીની વર્ષા કરી રહી છે.

ભરત વૈષ્ણવ

# ડાંગ જિલ્લા કક્ષાનો "નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ" યોજાયો




દર વર્ષની જેમ નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝિયમ-કોલકતા, નેહરુ સાયન્સ સેન્ટર-મુંબઈ, તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)-ગાંધીનગર પ્રેરીત 'પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-આહવા' ખાતે 'માનવજાતના લાભ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી' વિષયક જિલ્લા કક્ષાનો "નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ" યોજાઈ ગયો. જેમાં ડાંગ જિલ્લાની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમમાં પ્રથમ ક્રમે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ-આહવા, દ્વિતિય ક્રમે પ્રાથમિક શાળા-કોટબા, અને તૃતિય ક્રમે આદર્શ નિવાસી શાળા-સાપુતારાની ટીમ વિજેતા થઈ હતી. જે પૈકી ડાંગ જિલ્લાની પ્રથમ વિજેતા ટિમ, રાજ્ય કક્ષાએ ગુજરાત સાયન્સ સિટી-અમદાવાદ ખાતે ડાંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

ઉપરોક્ત કાર્યક્રમ પ્રયોશા પ્રતિષ્ઠાનના શ્રી પી.પી.સ્વામીજીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ ડ્રામા ફેસ્ટિવલમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ-આહવાના પ્રો.ભગીનાબેન પટેલ, સરકારી વિજ્ઞાન કોલેજ-આહવાના પ્રો.વરુણ રાઠોડ, તથા ડાંગ સ્વરાજ આશ્રમના શ્રી કેતનભાઈ પટેલે નિર્ણાયકની ભુમિકા ભજવી હતી.કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડીનેટર શ્રી રતિલાલ સુર્યવંશી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સાયન્સ કોમ્યુનિકેટર શ્રી સંજય બાગુલ દ્વારા સહભાગીઓ તેમજ નિર્ણાયકશ્રીઓનો આભાર વ્યક્ત કરાયો હતો.

# AHNA ની ખાનગી વીમા કંપનીઓ સામે દર્દીઓ માટે લડત

અમદાવાદ હોસ્પિટલ્સ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશન એ અમુક ખાનગી વીમા કંપનીઓ દ્વારા અપનાવવામાં આવતી એકાધિકારવાદી અને પ્રતિબંધિત વેપાર પ્રથાઓ અંગે ચર્ચા કરવા આજે પદાધિકારીઓની તાત્કાલિક બેઠક બોલાવી હતી.

એક અખબારી યાદીમાં, AHNA ના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. વિરેન શાહે જણાવ્યું હતું કે અમને દર્દીઓ તેમજ હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સ તરફથી સંખ્યાબંધ ફરિયાદો મળી છે જેમાં તેઓએ જણાવ્યું છે કે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કંપની દર્દીઓના દાવાઓને આબહાના હેઠળ ફગાવી રહી છેકે "સંબંધિત હોસ્પિટલ તેમની બાકાત યાદીમાં છે"

થોડા દિવસો પહેલા, AHNA એ સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ સાથે મજબૂત પ્રતિનિધિત્વ કર્યું હતું, જેના પગલે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સના પ્રતિનિધિઓ અને એએચએનએ પદાધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજાઈ હતી. બંને પક્ષોને અસર કરતા મુદ્દાઓ પર સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચા કરવામાં આવી હતી અને સ્ટાર હેલ્થ આગામી ૩૦ દિવસમાં AHNA દ્વારા ઉઠાવવામાં આવેલી ફરિયાદોના નિરાકરણ સાથે પાછા આવવા સંમત થઈ હતી.જો કે, બેઠકને પગલે વિવિધ સભ્ય હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સ તેમજ દર્દીઓ તરફથી વધુ અનેક ફરિયાદો મળી છે. ફરિયાદોમાં ડિસ્ચાર્જ સમયે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા જારી કરાયેલા ઓથોરાઈઝેશન લેટર્સને રદ કરવાનો સમાવેશ થાય છે, જેના કારણે દર્દીઓ હોસ્પિટલો સાથે દલીલ કરે છે, કલેઈમ્સ સામે ઓછી ચૂકવણી, વિલંબિત ચૂકવણી, ઓછા ટેરિફ માટે સંમત થવા માટે હોસ્પિટલો સામે ઉપયોગમાં લેવાતી બળજબરી યુક્તિઓ વગેરેનો સમાવેશ થાય છે.સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કંપનીના નકારાત્મક વલણને જોતા, છઉઁદ્વછએ તેના સભ્યોને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે આ મુદ્દાઓનું નિરાકરણ ન થાય ત્યાં સુધી સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કંપની સાથે કોઈપણ વધુ એમ્પેનલમેન્ટ અથવા કરાર/એમઓયુ યોજવાનહીં.

# ડાંગ જિલ્લાનાં શેરડી કાપણીના મજૂરો માટે સારા સમાચાર લાંબા સંઘર્ષ બાદ લઘુત્તમ વેતન લાગુ કરાયુ



મજૂર અધિકાર મંચ,શેરડી કાપણીના મજૂરો, મુકદમોના લાંબા સંઘર્ષ બાદ શેરડી કાપણી મજૂરો નું લઘુત્તમ વેતન ૪૭૬/- રૂ પ્રતિ ટન ગુજરાત સરકારે ૧ એપ્રિલ ૨૦૨૩ થી લાગુ કર્યુ.હાલમાં નવી સીઝનની મજૂર ભરતી અંગેની કામગીરી તમામ સુગર ફેકટરીઓ દ્વારા શરૂ કરવામાં આવી છે. સુગર ફેકટરીઓ દ્વારા મજૂર ભરતી મિટિંગો માં ૩૭૫/- રૂ.પ્રતિ ટન મજૂરને અને ૮૦/- પ્રતિ ટન મુકાદમ ને કમિશન તેમજ ૨૧/- આવવા જવાના ભાડા એમ ગણી કુલ ૪૭૬/- રૂપિયાની ચૂકવણી કરવા બાબતે નો મૌખિક પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. જે સરકાર ના લઘુતમ વેતનના જાહેરનામાં નો સ્પષ્ટપણે ભંગ કરી રહેલ છે.

અગાઉના વર્ષોમા ૨૩૮/- રૂ પ્રતિ ટન લઘુતમ વેતન સરકારે જાહેર કરેલ ત્યારે ૪૫/- રૂ.પ્રતિ ટન મુકાદમ કમિશન અલગ થી ચૂકવવામાં આવતું હતું. તેમજ મજૂરો નું આવવા જવાનુ ભાડુ ફેક્ટરીઓ પોતે વહન કરતી હતી જે સદંતર ગત વર્ષ સુધી ચાલુ હતુ.નવીન (હાલ ના જાહેર-નામાં મુજબ) લઘુતમ વેતન ન લાગુ કરી મજૂરો નું ૧૦૧/- રૂ.પ્રતિ ટન ઓછું ચૂકવી શોષણ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.આમ દક્ષિણ ગુજરાત ની ૧૩ સુગર ફેક્ટરી ઓ દર વર્ષે ૧ કરોડ ટન શેરડી નું પિલાણ કરે છે જે મુજબ વર્ષે શેરડી કાપણી ના આદિવાસી મજૂરો ને ૧૦૧/- કરોડ રૂપિયા ઓછા ચૂકવી મજૂરો નું શોષણ કરવામાં આવી રહ્યુ હતુ.

# આર. સી મિશન શાળા વડતાલની મુલાકાતે ખેડા આણંદ જિલ્લા મિશન શાળાના સુપરવાઇઝર રેવ. ફાધર ડો. અરસકુમાર



૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ આર. સી. મિશન શાળા વડતાલ ની મુલાકાતે ૧૧ વાગ્યે સુપરવાઈઝર રેવ. ફાધર અરસકુમાર સાથે શાળાના મેનેજર શ્રી રેવ. ફાધર રૂમાલ્ડો ઉપસ્થિત આવ્યા તેઓ માટે નાનકડો આવકાર કાર્યક્રમ રાખવામાં આવ્યો. શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. બાળ મિત્રો દ્વારા સુંદર સમાચાર રજૂ કરવામાં આવ્યા. બંને મહાનુભાવોનો પરિચય શાળા ના ઉપાચાર્ય ડૉ. શૈલેષ વાણીયા શૈલ દ્વારા આપવામાં આવ્યો. મહાનુભાવો નું પુષ્પગુચ્છ થી સ્વાગત શાળા ના આચાર્યશ્રી અનિકેતન ડાભી દ્વારા કરવામાં આવ્યું મહેમાન સુપરવાઈઝર શ્રી બાળ મિત્રો ને જણાવે છે કે દેશ દુનિયામાં બનતી ઘટનાઓ વિશેની જાણકારી મેળવવો સુંદર ભોણો, આગળ વધો, હાલમાં ચાલી રહેલા ડેન્ગ્યુ રોગ વિશે સજાગ રહો. આભાર વિધિ શાળાના આચાર્યશ્રી દ્વારા કરવામાં આવી અંતે બાળકો દ્વારા વંદે માતરમ ગાઈ વર્ગ ખંડ ની અંદર ગયા તેઓ દ્વારા બધા જ વર્ગ ખંડનીમુલાકાત લેવામાં આવી પ્રશ્નોતરી પૂછવામાં આવી સુંદર આત્મ સંતોષ સાથે તેઓ એ વિદાય લીધી.

# પ્રગતિ મિત્ર મંડળ "શક્તિ મહિલા" વિભાગ



પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) "શક્તિ મહિલા" વિભાગના ઉપક્રમે વર્ષ ૨૦૨૩-૨૪નાત્રીજો કાર્યક્રમ "બોળચોથ" નું આયોજન સંસ્થાના કાર્યાલયમાં કાંદિવલી ખાતે કરવામાં આવ્યું હતું.

ચેરપર્સનહર્ષદાબેન મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેરપર્સન હર્ષદાબેન મહેતા, કો-ચેરપર્સન શ્રીમતી શિલ્પાબેન રાજ્યગુરૂઅને દિપ્તીબેન મહેતાએ કર્યું હતું. શક્તિ મહિલા વિભાગના સર્વ સભ્યોએ તેમ જ મહેમાનોને સ્વાદિષ્ટ"મગ અને રોટલા"નો આનંદ માણ્યો હતો.આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીવિનોદભાઈ વોરા, અનંત મહેતા, નિતીન નથવાણી, પ્રમુખ મુકેશભાઈ દોશી, પુર્વ પ્રમુખ વસંત શાહ, ભાનુભાઈ શાહ, આમંત્રિત સભ્ય શ્રી શશિકાંત શેઠ તથા કો-ચેરપર્સન મીનાબેન મહેતા અને શ્રીમતી મનિષાબેન મહેતાએ હાજર રહી કાર્યક્રમનેસહર્ષ માણ્યો હતો.

# ડાંગના શામગહાન ખાતે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી



ડાંગ જિલ્લાના જૈ યુવા સંગઠનો દ્વારા શામગહાન ખાતે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં બારીપાડા,નડગચોન્ડ, અને માળુંગા ગામોમાં આદિવાસી અધિકાર દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. તેવામાં ★ડાંગ જિલ્લાના આદિવાસી યુવા નેતા સંતોષ ભુસારા★ દ્વારા કહેવામાં આવ્યું હતું કેંદ્વં એ ૧૩ મી સપ્ટેમ્બર દિવસને વિશ્વ આદિવાસી અધિકાર દિવસ તરીકે ઘોષિત કર્યો હતો. ગુજરાતના આપણા આદિવાસીઓ ૧૩ મી સપ્ટેમ્બર વિશ્વ આદિવાસી અધિકાર દિવસે પોતાના અધિકારોની માંગ ભુલંદ કરવા સરકાર સામે રણશિંગુ ફૂંક્યુ હતું. હાલની સ્થિતિ મુજબ જો જોવા જઈએ તો ગુજરાત સહિત દેશમાં સરકાર દ્વારા વિકાસની કામગીરી હાથ ધરાઈ રહી છે. ત્યારે વિકાસની આડમાં જોવા જયેતો સરકાર આદિવાસીઓના મૂળભૂત હકો છીનવી રહી છે, અને વધુમાં જોવા જયેતો આદિવાસીઓને વિસ્થાપિતો કરી રહી છે. વધુમાં જોવા જયેતો આજે સાપુતારા થી વિસ્થાપિત થયું ગામ નવાગામ આજે જોવા જયેતો એમને પૂરતી જમીન હો સરકાર દ્વારા આપવા આવી નહિ કે એમને પાણી પીવા માટે હો મળતું નથી એવી પરિસ્થિતિ માં આજે રેવું પડે છે. આપણા આદિવાસીઓ સાથે સરકાર અન્યાય કરી રહી છે. ★વધુમાં સંતોષ ભુસારા એ જણાવ્યું હતું કે★ સાપુતારા ગુજરાત નું હવાખાવાનું સ્થળ ત્યાં જોવા જયેતો આખા સાપુતારા માં બહાર ના માણસો આવીને મોટમોટી હોટલો લારી ગલા ચલાવે છે તો આપણા સ્થાનીકને પેલા સાપુતારામાં સ્થાનિક આદિવાસીઓને ધન્ધા રોજગારી મળવી જોયે. આ પ્રસંગે જૈ ગ્રુપના લીડરો નીતિનભાઈ રાઉત, તુલસીરામભાઈ, ગંગારામભાઈ, છોટુભાઈ, શંકરભાઇ, ભરતભાઈ, સુનિલભાઈ હાજર રહ્યા હતા.

# કડી તા.પં.ના પ્રમુખ તરીકે રાજપુરનાં કવિતાબેન પટેલ બિનહરીફ વરાશે



કડી તાલુકા પંચાયતના પ્રમુખ પદે રાજપુરના તાલુકા સદસ્ય કવિતાબેન પટેલ અને ઉપપ્રમુખ પદે વડુ બેઠકના તાલુકા સદસ્ય મેહુલજી ઠાકોરે ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે અન્ય એકપણ ઉમેદવારે ફોર્મ ભરેલ નથી.ભાજપ તરફથી બંનેના મેન્ડેટ જાહેર કરાયા હતા.

કડી તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીને લઈ આજે કડી તાલુકા પંચાયત ખાતે ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવવાની હોઈ સવારથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો. કડી તાલુકા ભાજપના પ્રભારી ભીખાભાઈ ચૌધરી કડી તાલુકા પંચાયતના આગામી અઢી વર્ષ પ્રમુખ પદે રાજપુર બેઠકના તાલુકા સદસ્ય કવિતાબેન હેમંતભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદ માટે વડુ બેઠકના તાલુકા સદસ્ય મેહુલજી ઠાકોરના નામનું મેન્ડેટ પક્ષના કાર્યકરો અને તાલુકા સદસ્યોની માર્કેટયાર્ડ હોલ ખાતે મહેસાણા ડિસ્ટ્રીકટ બેન્કના ચેરમેન વિનોદભાઈ પટેલ અને એપીએમસી ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલ,તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિન પટેલ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સવારે મળેલી બેઠકમાં રજૂ કર્યુ હતા. ત્યારબાદ કવિતાબેન પટેલે પ્રમુખ પદ માટે અને મેહુલજી ઠાકોરે ઉપપ્રમુખ પદ માટે તાલુકા પંચાયત ખાતે ફોર્મ ભરી તાલુકા વિકાસ અધિકારી કલ્પનાબેન સમક્ષ ફોર્મ રજૂ કરી ઉમેદવારી નોંધાવી હતી. જયારે કોંગ્રેસના સદસ્યોએ જાણે શરણાગતિ સ્વીકારી લીધી હોય તેમ કોંગ્રેસના એકપણ ઉમેદવારે ફોર્મ ભરી ઉમેદવારી ન નોંધાવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા. બુધવારે તાલુકા પંચાયતના સભા હોલ ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતીમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજાશે. જોકે ભાજપના મેન્ડેડ વાળા બે જ ઉમેદવારોના ફોર્મ ભરાયા હોઈ બંન્ને ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર કરાશે.

# રાજુલા ખાતેથી લોકોને વરદાનરૂપ આયુષ્માન ભવ : અભિયાન કાર્યક્રમની શરૂઆત




વિવિધ આરોગ્ય યોજનાઓ વિશે લોકોમાં જાગૃતિ વધારવા અને દરેક ગામોમાં જટીલ આરોગ્ય સંભાળ સેવાઓને સંતૃપ્ત કરવા માટે આજ રોજ ભારત દેશના માન.રાષ્ટ્રપતિ દ્વારા વર્ચુઅલ રીતે આયુષ્માન ભવઃ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવતા સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે આરોગ્ય સ્ટાફ અને લોકો દ્વારા આ કાર્યક્રમને નિહાળી શુભ શરૂઆત કરવામા આવી.જેમા યુનિવર્સલ હેલ્થ કવરેજના લક્ષ્યને સિધ્ધ કરવા કામગીરી કરાશે.આયુષ્માન ભવઃ કાર્યક્રમ હેઠળ ૧૭ મી સપ્ટેમ્બર થી આયુષ્માન આપકે દ્વાર દ્વારા આયુષ્યમાન કાર્ડની કામગીરી,દર અઠવાડીયે આરોગ્ય કેન્દ્રો ખાતે આયુષ્માન મેળાનું આયોજન કરી બિન ચેપી અને ટીબીના રોગનું સ્ક્રીનીંગ, માતા અને બાળ આરોગ્ય સેવાઓ,પોષણ અને રસીકરણ સહિતની કામગીરી હાથ ધરાશે તેમજ બીજી ઓક્ટોબરના રોજ આયુષ્માન સભાના આયોજન દ્વારા લોકોમાં આરોગ્યની વિવિધ યોજનાઓ વિશે જાગૃતિ વધારાશે તેમજ આયુષ્યમાન કાર્ડની ઉપયોગીતા અને વિતરણ તેમજ આભા કાર્ડ બનાવવા વિગેરે વિશે માહિતી અપાશે.આ અભિયાન દરમિયાન રક્તદાન શિબિર તેમજ સ્વૈચ્છિક અંગદાન અંગેની જાણકારી અને પ્રતિજ્ઞા સહિતની વિવિધ કામગીરી તાલુકા હેલ્થ કચેરી રાજુલા તળેના આરોગ્ય કેન્દ્રોના સ્ટાફ દ્વારા કરવામાં આવશે તેમજ આ અભિયાનના તમામ ઘટકોનું સફળ અમલીકરણ કરનાર ગામને આયુષ્માન ગ્રામ પંચાયતનો દરરજો એનાયત કરવામાં આવનાર હોવાનું તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરીયા દ્વારા જણાવેલ.આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ હરસુરભાઈ લાખણોત્રા, કાનાભાઈ ગોહિલ, પ્રતાપભાઈ બેપારીયા,અધિક્ષકશ્રી ડૉ.એચ.એમ.જેઠવા,તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી. કલસરીયા, આરોગ્ય અને આંગણવાડી સ્ટાફ તેમજ રાજુલા શહેરના લોકો હાજર રહેતા કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.




માનનીય રાષ્ટ્રપતિ મહોદયા શ્રી દ્રૌપદી મુર્મુ જી ના વરદ્હસ્તે ગુજરાત વિધાનસભા ખાતે નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન (દ્વઈફછ)નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી , વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડ,રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ,સાંસદશ્રીઓ,ધારાસભ્યશ્રીઓ,પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક આચાર્ય સંવર્ગના પડતર પ્રશ્નોનું ૨૧મી સુધી નિરાકરણ નહીં આવે તો આંદોલન કરશે

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત આચાર્ય સંવર્ગ દવરા ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક કર્મચારીઓના જૂની પેન્શન યોજનાના આંદોલન બાદ થયેલ સમાધાન મુજબના ઠરાવ બહાર પાડવા, કાયમી ભરતી સહિતના અન્ય પડતર પ્રશ્નો, ઑનલાઇન કામગીરી, આધાર ડાયસ પ્લસ, એકમ કસોટી જેવા પ્રશ્નોના ઉકેલ તારીખ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩સુધીમાં ન આવે તો આંદોલન કરવા ચીમકી આપી મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલ ને રજુઆત કરી છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા સરકાર મા વારંવાર રજુઆતો તથા મુલાકાતે કરવા મા આવી છતાં પણ સમાધાન થયેલ અને પડતર પ્રશ્નો નુ સરકાર દ્વારા કોઈ યોગ્ય નીરાકરણ લાવવામાં આવ્યું નથી.. સરકાર સાથે? થયેલ સમાધાન દરમિયાન જે જાહેરાત કરવામાં આવી હતી તથા જે તે આંદોલન વખતે જે માંગણીઓ હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.